**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૫ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા મયંકભાઈ ભટ્ટના નિવાસસ્થાન સે-૨૮ કોલવડાનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા પ્રશાંતભાઈ ઓઝાના નિવાસસ્થાન ૩૨, વૃંદાવન બંગ્લોઝ કુડાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક તથા મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે હર્ષાબેન રાવલ દ્વારા સાંજે ૮.૧૫ કલાકે લઘુરૂદ્ર યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા નિખિલભાઈ દવેના નિવાસસ્થાન સી-૧૪ ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

# સાતમ નિમિત્તે શહેરના મંદિરોમાં ભીડ જામી

ગાંધીનગર, તા.૨૩
સાતમ નિમિત્તે શહેરીજનો દ્વારા શીતળામાતાની શ્રધ્ધાપૂર્વક પૂજા કરવામાં આવી હતી. શહેરના દરેક મંદિરોમાં બહેનો માના આશીર્વાદ મેળવવા પૂજા અર્ચના કરતી જોવા મળી હતી. શીતળતાને વરેલા શીતળામાને પૂજી તેમના પાસે પોતાના પરિવારજનોનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રાર્થના કરતા બહેનો થાકતી નહતી ત્યારે ઘણા મંદિરોમાં દર્શન માટે લાઈનો જોવા મળી હતી.

શીતળતાને વરેલા દેવી શીતળા માતા જેણે ગધેડાને તેનું વાહન કહ્યું છે જેનું વ્રત કરવાથી શીતળતા પ્રાપ્ત થાય છે તેમની પૂજા અર્ચના માટે ભાવિકો મંદિરમાં ઉમટી પડયા હતા. શહેરના દરેક મંદિરમાં ભીડ



જામી હતી. ભગવાનની પૂજા અર્ચના માટે લાઈન લાગી હતી.

માતાજીને કુલેર, શ્રીફળ, રૂના હાર સાથે પ્રસાદ ધરાવવામાં ભકતોએ કમી રાખી ન હતી. સાતમના દિવસે ઠંડુ ખાવાનો મહિમા તો છે જ સ્વાસ્થ્ય સંદર્ભે પણ આ દિવસનું મહત્વ છે. સાતમ નિમિત્તે પોતાના ઘરના દરેક સભ્યો તથા બાળકનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે અમુક મહિલાઓએ સાત ખરે જમવાનું માંગીને ખાવાની બાધા પણ લીધી હતી અને સાત ઘરેથી જેટલું ઠંડુ જમવાનું મળે તે માંગીને ખાઈ દિવસ પસાર કર્યો હતો.

આમ આઠમને હવે એક જ દિવસની વાર છે ત્યારે શહેરમાં હવે કૃષ્ણ જન્મની તૈયારીઓ આરંભાઈ ગઈ છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **મિશન મંગલ**
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૨.૩૦, ૧૦.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● **મિશન મંગલ**
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૬.૩૦

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૨-ડી હિન્દી ૫.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૨.૩૦

● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦, ૯.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **મિશન મંગલ**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

# આજે સંસ્કૃતિ સંસ્થા દ્વારા અનોખો ફિલ્મી સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરની અગ્રણી સંસ્કૃતિ સંસ્થા દ્વારા તા. ૨૩, ઓગષ્ટ ને શુક્રવારના રોજ એક અનોખો ફિલ્મ સંગીતનો કાર્યક્રમ યોજાશે. હિન્દી ફિલ્મોના ગીતોની જુદી જુદી થીમ પસંદ કરીને કાર્યક્રમ કરવા માટે જાણીતી સંસ્કૃતિ સંસ્થા આ વખતે તદ્દન નવો ફિલ્મ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરવા જઈ રહી છે. હિન્દી ફિલ્મો એ આશરે ૧૦૦૦ જેટલા નામી-અનામી સંગીતકારો આપ્યા છે. એ રીતે આશરે ૫૦૦ થી વધારે ગીતકારો આપ્યા છે. તા. ૨૩મીના કાર્યક્રમમાં આ ગીતકારોને યાદ કરવાનો ઉપક્રમ રચાયો છે. હિન્દી ફિલ્મના ચુનંદા ૩૦ ગીતકારોના ગીતની પસંદગી કરીને તેને પ્રસ્તુત કરવામાં આવશે. જાણીતા ઉદ્‌ઘોષક શ્રી સમ્રાટ દવે દ્વારા તૈયાર કરાયેલ આ થીમના ગીતો સર્વશ્રી ચિરાગ દેસાઈ, પરાગ મહેતા, પાયલ વૈદ્ય અને દિપાલી શાસ્ત્રી પ્રસ્તુત કરશે. સંગીત મિતેષ દેસાઈ આપશે. સંસ્કૃતિ સંસ્થાના આ નવતર પ્રયોગથી સભ્યોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

આ ઉપરાંત સંસ્કૃતિ સંસ્થા, કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા તા. ૨૪ ઓગષ્ટને શનિવારે 'ભગવાન શીવ અને કૃષ્ણના ભક્તિ ગીતો' ના રસથાળ સમો કાર્યક્રમ પણ રાત્રે ૯-૧૫ કલાકે ટાઉન હોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. દ્વારકેશ દવે સંચાલિત હાર્મની મ્યુઝિકલ ગૃપ, મહેસાણાના કલાકારો દ્વારા આ કર્ણમધુર ભક્તિ ગીતો પ્રસ્તુત થશે. જે અંગેના નિમંત્રણ કાર્ય તા. ૨૩મીના કાર્યક્રમમાં સભ્યોને આપવામાં આવશે.

# કૈલાસધામ વૃધ્ધાશ્રમ ખાતે 'દિકરો, દેવ અને દાદા' લઘુનાટિકાનું મંચન કરાયું




ગાંધીનગર નજીકના પેથાપુર ખાતેના કૈલાસધામ વૃધ્ધાશ્રમ ખાતે પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા એક લઘુનાટિકાનું મંચન કરવામાં આવ્યું હતું. જેનું શિર્ષક હતું 'દિકરો, દેવ અને દાદા' આ લઘુનાટિકા વિષ્ણુ થોરાત દ્વારા લખવામાં આવી છે જેનું નિર્દેશન પણ તેમણે જ કર્યું હતું. લઘુનાટિકામાં ગાંધીનગરના વરિષ્ઠ નાટયકર્મી તથા ગુજરાતી ફિલ્મોના ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન ઉપરાંત નટવરસિંહ ચૌહાણ, સંજય ડોડિયા અને ચિરાગ મહેરિયાએ અભિનયના અજવાળા પાથર્યા હતા. આ લઘુનાટિકા દ્વારા સમાજમાં વડિલોના મહત્વ અંગે ઉપયોગી સંદેશ પાઠવવામાં આવ્યો છે.

## શહેરમાં પાણી વિતરણની ખામીઓ દુર કરવા શહેર વસાહત મહાસંઘ દ્વારા વિસ્તૃત રજુઆત

ગાંધીનગરના સેકટરોના વસાહતીઓને પીવાના પાણીની વિતરણ વ્યવસ્થામાં ખામીઓ તથા અણગઢ વહીવટના કારણે વસાહતીઓને પીવાનું પાણી પુરું પાડવામાં તંત્ર નિષ્ફળ ગયેલ છે. ગાંધીનગર શહેરની વસ્તી માટે પાણીનો જથ્થો પુરતો છે. પરંતુ અણગઢ વિતરણ વ્યવસ્થાની ખામીના કારણે પુરતા ફોર્સથી પાણી મળતું નથી. શુધ્ધિકરણ કર્યા સિવાય દુષિત ડહોળું પાણી આપવામાં આવે છે જેથી શહેરમાં રોગચાળો વકર્યો છે. પાણી છોડવામાં સમય સાથે રમત રમાતી હોય તેમ જણાય છે. જેથી ઘરવપરાશ માટે પાણી મળતું નથી. નવા સેકટરોમાં સમસ્યા વધુ ઘેરી બનેલ છે.

સરકારી તંત્રના માણસોએ મીલીભગત ભ્રષ્ટાચાર કરીને આર્થિક વહેવારો કરી ગેરકાયદેસર નળ કનેકશનો આપેલ છે. જેની કોઈ તપાસ કરાતી નથી. સરિતા ઉદ્યાન તથા ચરેડીની ટાંકી-સંપ બનાવેલ છે જેમાં નિયમિત સફાઈ થતી નથી. ફરિયાદ થાય ત્યારે હાથ અધ્ધર કરવા તંત્ર ટેવાયેલું છે. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને રજુઆત કરેલ છે.

# ગાંધીનગરની મેલેરિયા શાખા દ્વારા જિલ્લામાં બાયોલોર્જીકલ કંટ્રોલની કામગીરી અંતર્ગત ૫૨૮ સ્થળોએ ગપ્પી માછલી મુકવામાં આવી







ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી ગપ્પી માછલી મુકવાના અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. જિલ્લાના ચાર તાલુકામાં બે દિવસીય ગપ્પી માછલી મુકવાની કામગીરી અન્વયે કુલ-૫૨૮ સ્થળોએ ગપ્પી માછલી મુકવામાં આવી છે.

વર્તમાન ચોમાસું સીઝનમાં મચ્છરજન્ય(વાહકજન્ય) રોગોના નિયંત્રણ અને રોગચાળા અટકાયતી પગલાં તેમજ લેવા સારું નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ તેમજ આરોગ્ય કમિશનરના માર્ગદર્શન હેઠળ રાજય કક્ષાની બેઠકમાં બાયોલોર્જીકલ કંટ્રોલ (જૈવિક નિયંત્રણ)ની કામગીરી પર ભાર મુક્વામાં આવ્યો હતો. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા મચ્છર જન્ય (વાહક જન્ય) રોગો નિયંત્રણ કરવા માટે ગપ્પી માછલી મુકવાની કામગીરી કરવામાં આવી રહી છે. ચોખ્ખા સંગ્રહિત અને સ્થિર પાણીના સ્ત્રોત્રમાં મચ્છરો ઈંડા મુકે છે. ઈંડામાંથી પોરા, પ્યુપા તથા અંતમાં પુખ્ત મચ્છર બને છે.

ચાર તાલુકાના ૫૨૮ સ્થળોએ ગપ્પી માછલી મુકવામાં આવી છે. આ ગપ્પી માછલી પોરા ખાય છે. જેથી મચ્છરો બનતા નથી. તેમજ બાયોલોજીકલ કંટ્રોલ કામગીરી પર્યાવરણની દ્રષ્ટિએ નુકશાનકારક નથી. આ કામગીરી પાછળ કોઈ જ વિશેષ ખર્ચ થતો નથી. વધુમાં આ માછલીનું સરેરાશ આયુષ્ય ચાર વર્ષનું હોય છે. જેથી બાયોલોર્જીકલ કંટ્રોલ કામગીરી લાંબાગાળા સુધી અસરકારક રહે છે. આમ ગપ્પી માછલી દ્વારા પોરાનાશક કામગીરી ખૂબ સરળ અને અસરકારક છે. વધુમાં ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગ નિયંત્રણ અને અટકાયતી કામગીરી અન્વયે દર ગુરૂવારે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા તેઓના વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈડ ખાતે સર્વેલન્સ, લેબર સ્કીનીંગ તેમજ એન્ટીલાર્વલ જેવી કામગીરી કરવામાં આવે છે. જેના ભાગરૂપે જિલ્લામાં ૨૧૮ કન્સ્ટ્રકશન સાઈટ ખાતે કામગીરી હાથ ધરવામાં આવી છે.

# અડાલજથી રીક્ષામાં બેસેલા વૃધ્ધાના દાગીનાની લુંટ

### રીક્ષામાં અગાઉથી જ મુસાફરના સ્વાંગમાં ટોળકી બેઠી હતી

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર શહેર નજીક આવેલ અડાલજ વિસ્તાર જાણે લુંટ માટે હોટ ફેવરીટ બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે અડાલજ થી સરઢવ તરફ જતી રીક્ષામાં મુસાફર તરીકે બઠેલા વૃદ્ધાને આગળ જઈને ચારેય શખ્સોએ ચપ્પુ બતાવી રૂ.૪૫ હજારના દાગીના લુંટી લીધાની ઘટના સામે આવી છે. બનાવને પગલે વૃધ્ધાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે રહેતા અને નિવૃત શિક્ષિકા વિજયાબેન ગોકળદાસ પટેલ (ઉં.વ.૬૭) ગત તા.૧૮ ઓગસ્ટના રોજઅડાલજ મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા. અહીંથીતેઓ બપોરના સુમારે સવાએક કલાકે પુત્રના ઘરે કલોલ તરફ જવા માટે અડાલતૉજ મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે ઉભા હતા.ત્યારે એક રીક્ષા આવી હતી. જેમાં ચાર મુસાફરો પહેલાથી જ બેઠા હતા, જેઓએ વૃધ્ધાને અંદરની બાજુએ બેસાડ્યા હતા. રીક્ષા ગણતરીની મીનીટ આગળ જઈ હશે ત્યાં રેલ્વે બ્રિજ આગળ એક શખ્સે વૃધ્ધાને લાફો મારી દીધો હતો.જયારે બીજાએ છરી બતાવી બુમાબુમ કરશો તો મારીને ફેંકી દઈશુ તેવી ધમકી આપી હતી. બંને શખ્સોએ વૃધ્ધાના હાથપકડી લીધા હતા અને આગળ બેઠેલા શખ્સોએ દોઢ તોલાની સોનાની બંગડી, સોનાની ત્રણ વીંટી નીકાળી લીધી હતી.ત્યારબાદ આગળ જઈને વૃધ્ધાને ઉતારી દેવામાં આવ્યા હતા. અચાનક આ પ્રકારના બનેલા બનાવને પગલે વૃધ્ધા ડઘાઈ ગયા હતા અને કોઈને લુંટ વિશે કહ્યું ન હતું. પરંતુ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે નિવૃત શિક્ષિકાના જણાવ્યા મુજબ ચાર શખ્સો ગુજરાતી ભાષામાં જ વાત કરી રહ્યા હતા.

## સે-૮ ત્ર્યંબકેશ્વર મંદિરનો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩
ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર સે-૮ ખાતે તા. ૨૬ ઓગષ્ટના રોજ હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ યોજાશે. યજ્ઞ પ્રારંભ સવારે ૯ કલાકે થશે. ભગવાનની રાજોપચાર અને ષોડશોપચાર પુજા અર્ચના બપોરે ૩.૩૦ કલાકે યોજાશે. શ્રીફળ હોમ વિધિ સાંજે ૫ કલાકે અને મહાઆરતી ૫.૧૫ કલાકે તથા છપ્પનભોગ તથા ભકિતવંદના સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. સંસ્થાના પ્રમુખ રાવજીભાઈ એન. પટેલ દ્વારા નગરજનોને યજ્ઞનો લાભ લેવા જણાવાયું છે.

# પૂર પિડીતોને બચાવતી એરફોર્સની કામગીરીનું નિદર્શન યોજાયું

### ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં તાજેતરની અતિવૃષ્ટિ દરમ્યાન એરફોર્સની 'સ્વાક' ટીમે ૩૦૦થી વધુ પુર પિડીતોને બચાવ્યા : ૨૩ હજાર કિલોથી વધુના ફુડ પેકેટસ ડ્રોપ કર્યા અને ૨૦૦થી વધુ બચાવ કર્મીઓની હેરફેર કરી









ગાંધીનગર, તા.૨૨
છેલ્લા એક માસ દરમિયાન દેશના પશ્ચિમી ભાગમાં ભારે વરસાદને પગલે આવેલા પૂરમાં અસંખ્ય નાગરિકો ફસાયા હતા જેના બચાવ માટે એનડીઆરએફ, એસડીઆરએફ, ભારતીય નૌસેના, ભારતીય આર્મી સાથે ભારતના હવાઈદળની પણ ખૂબ મહ્‌ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક ખાતે અતિવૃષ્ટિમાં ફસાયેલા માનવીઓને હવાઈદળ દ્વારા એરલિફટ કરવાની કામગીરી અત્યંત પ્રસંશનીય રહી હતી. આજે ગાંધીનગરમાં એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એરકમાન્ડ ખાતે આ બચાવ કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેને એર માર્શલ એચ.એસ. અરોરાના નિર્દેશન હેઠળ સ્કવૉર્ડન લીડર ક્રિશ્નન તથા લેફટનન્ટ પારૂલ સહિતના એરકર્મીઓએ પાર પાડયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણેય રાજયોમાં હાથ ધરાયેલા રેસ્કયુ ઓપરેશનમાં એરફોર્સની 'સ્વાક' ટીમના એક માત્ર મહિલા એરકર્મી પાયલોટ લેફટન્ટન્ટ પારૂલ બચાવ કાર્યમાં જોડાયા હતા.

ગુજરાતના નવસારી, સુરત, જામનગર અને ભૂજ ઉપરાંત મહારાષ્ટ્રના કોલ્હાપુર, સાંગલી સહિત કર્ણાટકના કેટલાક વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસમાં ભારે પુરની પરિસ્થિતિમાં ફસાયેલા નાગરિકોને બચાવવાનું કાર્ય હાથ ધરાયું હતું. જેમાં એરફોર્સની સ્વાક ટીમ દ્વારા નાગરિકોને 'એરલિફટ' કરવામાં આવ્યા હતા. સ્વાકની ટીમ દ્વારા અસંખ્ય ઉડાન ભરીને અંદાજે ૩૦૦ જેટલા પુરપિડીતોને બચાવાયા હતા.જેમાં બાળકો, મહિલાઓ અને વૃધ્ધોનો પણ સમાવેશ થાય છે. નવસારીમાં બચાવ કાર્ય દરમ્યાન એક વાયુ યોધ્ધો એક વૃધ્ધાને બચાવવા પોતે પુરમાં કુદી પડયો હતો અને વૃધ્ધાને એર લિફટ કરી બચાવી લીધી હતી. સ્વાક ટીમ દ્વારા બચાવકાર્યમાં અંદાજે ૬૦ ટન સામગ્રીની હેરફેર કરવામાં આવી હતી. જેમાં ૨૩ હજાર કિલો જેટલા ફુડ પેકેટસનો પણ સમાવેશ થાય છે. આ કાર્યમાં તેમણે આર્મી, નેવી, એનડીઆરએફ અને એસડીઆરએફના મળીને આશરે ૨૦૦થી વધુ બચાવકર્મીઓની હેરફેર પણ કરી હતી. આ બચાવ કાર્યમાં એએન-૩૨, એવીઆરઓ-૧૩૦, સી-૧૩૦, હેવી લિફટ એરક્રાફટ વીઝ સી-૧૭, આઈએલ-૭૬ અને અન્ય હેલિકોપ્ટર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## નીચા વાદળોને લીધે બચાવ કાર્ય કપરું હતું : લે. પારૂલ



પુર પિડિતોને બચાવ કામગીરીમાં જોડાયેલા એક માત્ર મહિલા એર પાયલોટ લેફટેનન્ટ પારૂલે જણાવ્યું હતું કે 'બચાવ કાર્ય દરમ્યાન મૌસમ ખૂબ પ્રતિકૂળ હતું અને કેટલાંક વિસ્તારમાં વાદળો નીચી ઊંચાઈએ હોવાને કારણે અમે વધુ ઊંચાઈ પર ઉડાન ભરી શકતા નહોતા અને વધુ નીચે ઉડાન ભરવામાં વૃક્ષો, વિજળીના ઊંચા ટાવરો વગેરેનું જોખમ હતું તેથી વાદળો વચ્ચે ઓછી દ્રશ્ય સ્થિતિમાં બચાવ કાર્ય અઘરું બન્યું હતું. અમે ફુડ પેકેટસ દ્વારા પણ અનેક નાગરિકોના જીવ બચાવ્યા હતા.'

## ખેતરમાં ફસાયેલા ખેત મજુરોને ફુડ પેકેટસની વધુ જરૂર હતી : સ્કૉ. લીડર ક્રિશ્નન



નવસારી તથા કોલ્હાપુર-સાંગલીના રેસ્કયુ ઓપરેશનમાં ૪થી ઓગસ્ટે બચાવકાર્યમાં જોડાયેલા સ્કવૉર્ડન લીડર ક્રિશ્નને જણાવ્યું હતું કે સતત ચાલુ વરસાદમાં નીચેનું દ્રશ્ય ચોખ્ખું જોઈ શકાતું નહોતું. અમે જંગલ વિસ્તાર મુશ્કેલીથી પસાર કરી જયારે અમારા હેલીકોપ્ટર્સને વધુ નીચે લેતા ખેતરમાં ભરાયેલા પાણીમાં ફસાયેલા ખેત મજૂરોને જોયા હતા જેમને એરલિફટ કરતા ફુડ પેકેટસની વધુ જરૂર હતી તેથી પહેલા ફુડ પેકેટસ આપ્યા પછી વારંવાર ઉડાન ભરી તેમને એરલિફટ કરી બચાવ્યા હતા.